# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન
ફાયર સ્ટેશન પાછળ, સેક્ટર-૧૭, ગાંધીનગર-382016
ફોન નંબર-૦૭૯ ૨૩૨ ૮૪૧૧૦, ફેક્સ નંબર-૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email:gmc8gandhinagar@gmail.com


G20

જા.નં./અહેસો/કરાર આધારીત/જગ્યા ભરવા/ફા.નં.૧૩૪/૨૦૫૮ /૨૦૨૪ તા.૨૩/૦૮/૨૦૨૪

પ્રતિ,

પ્રોગ્રામ ઓફિસરશ્રી(એડમીન),

નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર.

વિષય:- **NHM** પ્રોગ્રામ અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી હેલ્થ ૧૧ માસ કરાર આધારીત વિવિધ સંવર્ગની જાહેરાત આરોગ્યસાથી સોફટવેર માં પ્રસિધ્ધ કરવા બાબત

માન.સાહેબશ્રી,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, ગાંધીનગર મ્યુનીસીપલ કોર્પોરેશનમાં **NHM** પ્રોગ્રામ અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી હેલ્થ ૧૧ માસ કરાર આધારીત ખાલી પડેલ પ્રોગ્રામ આસિસ્ટન્ટ (આર.સી.એચ)ની જગ્યા સંવર્ગની જાહેરાત અંગેની માહિતી આરોગ્યસાથી સોફટવેરમાં પ્રસિધ્ધ કરી આપવા અંગે આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી છે.

| ક્રમ | જગ્યાનું નામ અને સંખ્યા | કયા ડોકયુમેન્ટ ઓનલાઇન અપલોડ કરવા/મંગાવવા |
|---|---|---|
| ૧ | પ્રોગ્રામ આસિસ્ટન્ટ (RCH) કુલ જગ્યા-૧ | ૧. ઉમર અંગે પ્રમાણપત્ર ( Leaving Certificate / Adharcard / Pan Card / Birth Certificate / Election Card ... etc )<br>૨. એચ.એસ.સી. માર્કશીટ ( HSC Marksheet)<br>૩. એચ.એસ.સી.ટ્રાયલ સર્ટી(HSC Attempt Certificate )<br>૪. કોઇ પણ સ્નાતકનું છેલ્લા વર્ષ/છેલ્લા બે સેમેસ્ટરની માર્કશીટ(જો સેમેસ્ટર હોય તો બંને સેમેસ્ટરની માર્કશીટ એક PDF કરી અપલોડ કરવાની રહેશે) (Any Graduate Last Year/Lasr Two Sem . Marksheet)<br>૫. સ્નાતક ડીગ્રી સર્ટીફીકેટ (Degree Certificate)<br>૬. ડીપ્લોમાં / કોમ્પ્યુટર અંગેનું સર્ટીફીકેટ ( Diploma / Certificate in Computer)<br>૭. અનુભવ સર્ટીફીકેટ ( Experience Certificate ) ( તમામ અનુભવના પ્રમાણપત્રોની એક PDF ફાઈલ બનાવી અપલોડ કરવાની રહેશે ) |

બિડાણ: જાહેરાતનો નમૂનો

મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ
ગાંધીનગર મહાનગરપાલિકા

**નકલ સવિનય સદર રવાના :-**

માન.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા.

માન.નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા.

માન.સભ્ય સચિવશ્રી, સ્ટેટ હેલ્થ સોસાયટી સહ અધિકનિયામકશ્રી (જા.આ.) બ્લોક નં.ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

## ૧૧ માસના કરાર પદ્ધતિથી ભરતી કરવા બાબત

કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવે છે. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૪/૦૯/૨૦૨૪ થી તા.૩૦/૦૯/૨૦૨૪ સુધીમાં સાંજના ૦૬:૦૦ કલાક સુધી આરોગ્યસાથી સોફ્ટવેરની લિંક **https://arogyasathi.gujarat.gov.in** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ અને સંખ્યા | લાયકાત | કયા ડોકયુમેન્ટ ઓનલાઇન અપલોડ કરવા/મંગાવવા | વય મર્યાદા | પગાર પ્રતિ માસ (રૂ.) (ફિક્સ) |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રોગ્રામ આસિસ્ટન્ટ (RCH) કુલ જગ્યા-૧ | (૧)ગ્રેજયુએટની ડીગ્રી તથા (૨)Diploma/Certificate in Computer Application અને (૩) M.S.ઓફિસનું સંપૂર્ણ જ્ઞાન તેમજ ૩ થી ૫ વર્ષનો અનુભવ | ૧. ઉંમર અંગે પ્રમાણપત્ર ( Leaving Certificate / Adharcard / Pan Card / Birth Certificate / Election Card ... etc )<br>૨. એચ.એસ.સી. માર્કશીટ ( HSC Marksheet)<br>૩. એચ.એસ.સી.ટ્રાયલ સર્ટી(HSC Attempt Certificate )<br>૪. કોઇ પણ સ્નાતકનું છેલ્લા વર્ષ/છેલ્લા બે સેમેસ્ટરની માર્કશીટ(જો સેમેસ્ટર હોય તો બંને સેમેસ્ટરની માર્કશીટ એક PDF કરી અપલોડ કરવાની રહેશે) (Any Graduate Last Year/Lasr Two Sem . Marksheet)<br>૫. સ્નાતક ડીગ્રી સર્ટીફીકેટ (Degree Certificate)<br>૬. ડીપ્લોમાં / કોમ્પ્યુટર અંગેનું સર્ટીકીકેટ ( Diploma / Certificate in Computer)<br>૭. અનુભવ સર્ટીફીકેટ ( Experience Certificate ) ( તમામ અનુભવના પ્રમાણપત્રોની એક PDF ફાઈલ બનાવી અપલોડ કરવાની રહેશે ) | ૪૦ વર્ષ સુધી | રૂ.૧૬,૦૦૦/- ફિક્સ |

**શરતો અને નિયમ:**

૧. આ જગ્યાઓ ફક્ત ૧૧ માસ કરાર આધારિત છે. ૧૧ માસ બાદ કરાર આધારિત જગ્યાઓનો આપોઆપ અંત આવશે. કાયમી નોકરી માટેનો હક્કદાવો કરી શકશે નહી.

૨. નિમણુંક પામેલ ઉમેદવારોની અન્ય જિલ્લામાં બદલી થઇ શકશે નહી.

૩. ઉમેદવારની ફક્ત ઓનલાઈન લિંક **https://arogyasathi.gujarat.gov.in** પર મળેલ અરજીઓ જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/ ટપાલ/ કુરીયર થી મળેલ કે અધૂરી વિગતો વાળી અરજી અમાન્ય ગણાશે.

૩. જાહેરાતમાં દર્શાવેલ લાયકાત મુજબના તમામ સાધનિક કાગળો અપલોડ કરવાના રહેશે. અધૂરી માહિતી કે ક્ષતીવાળી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહી.

૪. સુવાચ્ય અસલ પ્રમાણપત્રની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

૫. રસ ધરાવતાં ઉમેદવારો એ તા.૨૪/૦૯/૨૦૨૪ થી તા.૩૦/૦૯/૨૦૨૪ સાંજે ૦૬:૦૦ કલાક સુધી ઉપર જણાવેલ લીંકમાં અરજી કરવાની રહેશે.

૬. વય મર્યાદા માટે જાહેરાત માં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે. એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ તા.૩૦/૦૯/૨૦૨૪ ની સ્થિતી ને ધ્યાને લેવામાં આવશે.

૭. નિમણૂંક અંગેનો આખરી નિર્ણય અર્બન હેલ્થ સોસાયટી અને નેશનલ હેલ્થ મિશનની પ્રવર્તમાન શરતોને આધીન રહેશે.

સભ્ય સચિવ-વ-
મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ
ગાંધીનગર મહાનગરપાલિકા